ગાંધીનગર જિલ્લા પંચાયતનું નવુ સીમાંકન જાહેર

સાદરા, મહુડી, સરઢવ, વલાદ, ઉવારસદ નવી બેઠકો અને નામાભિધાન પામી : કુડાસણ, વાવોલ, આદરજ મોટી બેઠક રદ તેમજ નાના-ચિલોડા અમદાવાદમાં જતા બેઠક વલાદ બની

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની ચૂંટણી માટેના નવા સીમાંકન અંગેનું જાહેરનામુ આજે રાજ્ય ચૂંટણી પંચે જાહેર કર્યુ છે.

જિલ્લા પંચાયતના નવા સીમાંકન અંગે છેલ્લા બે-ત્રણ દિવસથી અટકળો ચાલી રહી હતી તે પછી આજે મોડી સાંજે રાજ્ય ચૂંટણી પંચે આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરતાં જ જિલ્લાના રાજકારણમાં ભારે સળવળાટ ઉભો થવા પામ્યો છે.

નવા સીમાંકનમાં ગાંધીનગર તાલુકાની જિલ્લા પંચાયતમાં ૧૦ બેઠકો હતી તે ઘટીને ૮ બેઠકો થઈ છે. જ્યારે દહેગામની સાત બેઠકો, કલોલની ૬ બેઠકો અને માણસાની સાત બેઠકો થઈ છે.

કલોલ તાલુકામાં સાત બેઠકો હતી પરંતુ તેના ગામો માણસા તાલુકામાં ભેળવવામાં આવતાં ત્યાં પણ એક બેઠકની ઘટ થવા પામી છે. જો કે માણસામાં બે બેઠકો વધે છે. જેમાં સોજા અને મહુડીનો સમાવેશ થાય છે. લિંબોદ્રાનો વિસ્તાર સોજામાં ભેળવવામાં આવ્યો છે. પહેલા મહુડી સાથે સંકલાયેલુ હતુ.

નવા સીમાંકનમાં કલોલની એક બેઠકની ઘટ અને માણસામાં બે બેઠકો ઉમેરાતાં રાજકારણમાં નવા સમીકરણો ઉભા થશે.

ગાંધીનગર તાલુકામાં પણ કુડાસણ અને આદરજ મોટીની બેઠક રદ થઈ છે. રાંધેજાની બેઠક રદ થઈ છે પણ તેનુ નવુ નામ સરઢવ બન્યુ છે અને સરઢવની બેઠક નવી ગણવામાં આવી રહી છે. આ ઉપરાંત વાવોલની બેઠક પણ રદ થઈ છે જે અનામત હતી તે હવે ચિલોડા(ડ) અનામત બેઠક થઈ છે.

જિલ્લાના રાજકારણમાં નવા રાજકીય સમીકરણો આ નવા સીમાંકનથી ઉભા થશે. જોકે હાલ તો નવા સીમાંકનમાં ભાજપને ફાયદો થતો જણાઈ રહ્યો છે. પંચાયતની દરેક સીટ પર ૩૦ હજાર કે તેથી વધુ મતદારો છે.

૨૦૧૧ની વસ્તી ગણતરીને ધ્યાને રાખી આ સીમાંકન કરવામાં આવ્યુ છે પરંતુ નવા મતદારો અને નવુ સીમાંકન રાજકારણને ગરમાવે તેવુ જરૂર છે.

જિલ્લામાં પ્રથમ દૃષ્ટિએ જે પાંચ બેઠકોમાં ભારે બદલાવ જોવા મળી રહ્યો છે. આ પાંચ બેઠકોમાં સાદરા, સરઢવ, મહુડી, ઉવારસદ અને વલાદ બેઠકનો સમાવેશ થાય છે. સરઢવ, વલાદ એ નવા નામાભિધાન સાથેની બેઠક બની છે. જ્યારે સાદરા-મહુડી એ પણ નવી બેઠકો બની છે.

જિલ્લા પંચાયતનું નામ	સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું	તાલુકા પંચાયતનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	ફાળવવામાં આવેલ બેઠકનું નામ
ગાંધીનગર	૧	અડાલજ	ગાંધીનગર	૨૩	૯	સા. શૈ. પછાત વર્ગ સ્ત્રી
	૨	અમરાજીના મુવાડા	દહેગામ	૧૨	૧૧	સામાન્ય સ્ત્રી
	૩	બહિયલ	દહેગામ	૨૮	૨૬	સામાન્ય સ્ત્રી
	૪	ભોયણ મોટી	કલોલ	૩	૧૩	સામાન્ય સંત્રી
	૫	બિલોદરા	માણસા	૯	૨૪	સા. શૈ. પછાત વર્ગ સ્ત્રી
	૬	બોરીસણા	કલોલ	૭	૩	સા. શૈ. પછાત વર્ગ
	૭	ચરાડા	માણસ	૫	૭	સામાન્ય સ્ત્રી
	૮	છાલા	ગાંધીનગર	૧૬	૧૪	બિનઅનામત સામાન્ય
	૯	ચિલોડા (ડ)	ગાંધીનગર	૧૫	૧	અનુસૂચિત આદિજાતિ
	૧૦	ડભોડા	ગાંધીનગર	૧૭	૧૮	સામાન્ય સ્ત્રી
	૧૧	હાલીસા	દહેગામ	૧૯	૨૧	બિનઅનામત સામાન્ય

● અનુસંધાન પાના - ૭ પર

શહેરના સર્કલો ફરતે પણ મોટા ગાબડા પેવર બ્લોક ઉખડી જતા જોખમી સ્થિતિ

લાંબા સમયથી સર્કલોની જાળવણીનુ કામ પણ વિસરાયુ : વિવિધ થીમ પર ડેવલપ કરાયેલા સર્કલો આકર્ષણ ગુમાવી રહ્યા છે

ગાંધીનગર તા ૩

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગો તેમજ ફુટપાથ પર ઠેર ઠેર મોટા ખાડા જોવા મળી રહ્યા છે. જયારે નગરમાં વિવિધ થીમ પર ડેવલપ

કરાયેલા સર્કલો પણ આકર્ષણ ગુમાવી રહ્યા છે. જાળવણીના અભાવે સર્કલો કંગાળ બની રહ્યા છે. સર્કલો ફરતે કરવામાં આવેલા પેવર બ્લોકસ પણ તુટી જતા માર્ગ વચાળે જ મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. વરસાદી દિવસોમાં માર્ગો અને ફુટપાથની સાથે સર્કલો આસપાસનો વિસ્તાર પણ જોખમી બન્યો છે.

વરસાદી દિવસોમાં નગરના માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. જયારે માર્ગો પર કેટલાક ઠેકાણે મોટામસ ગાબડા પડયા છે. એકબાજુ વરસાદી પાણીના નિકાલની લાઇનનુ ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જેના લીધે માર્ગોની આસપાસ યોગ્ય રીતે માટી પુરાણ ન થતા મોટામસ ખાડાઓ અસ્તિત્વમાં આવ્યા છે. શહેરમાં વરસાદના લીધે માર્ગોનુ ધોવાણ થયુ છે જયારે વરસાદી પાણીના નિકાલની લાઇનના લીધે પણ રસ્તાઓની દુર્દશા થઇ છે. આવા સંજોગોમાં ફુટપાથ પણ તુટેલી હાલતમાં છે. વોક વે પર ઠેર ઠેર ટાઇલ્સ ઉખડી ગઇ છે. જેના લીધે વોકીંગ કરનારાઓ માટે પણ જોખમી સ્થિતિ સર્જાઇ છે. બીજીતરફ નગરના માર્ગો અને ફુટપાથ સાથે શહેરના સર્કલો પણ કંગાળ બનતા જાય છે. સર્કલોમાં વરસાદી દિવસો દરમિયાન ઘાસ અને વનસ્પિત ઉગી નિકળ્યુ છે.

● અનુસંધાન પાના - ૭ પર

ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૦ કેસ નોંધાયા

ગાંધીનગરમાં ૧૩, દહેગામમાં ૪ અને કલોલમાં ૩ કેસ : જિલ્લામાં ૧૪૧૨ દર્દીઓ આજ સુધીમાં કોરોના મુક્ત થયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૨૦ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં કોરોનાના વધતા જતા કેસોએ તંત્રને હચમચાવી દીધુ છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાંથી ૧૩, દહેગામમાંથી ૪, કલોલમાંથી ૩ કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના વાસણા હડમતિયા ગામેથી ૨૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મોટા ચિલોડામાં આજે બે કેસ મળી આવ્યા છે. મોટા ચિલોડામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. મોટા ચિલોડામાંથી ૩૬ વર્ષીય પુરૂષ અને ૩૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કોલવડામાંથી પણ ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંધેજા જે વેપારીમથક તરીકે જાણીતુ છે અને કોરોના માટે હોટસ્પોટ બનેલ છે ત્યાંથી આજે વધુ ૩ કેસ નોંધાયા છે. રાંધેજામાંથી બે મહિલા અને એક પુરૂષ દર્દીના કેસ નોંધાયા છે.

રાંધેજામાંથી ૩૬ વર્ષીય મહિલા, ૫૬ વર્ષીય મહિલા અને ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઝુંડાલમાંથી ૨૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પીપળજમાંથી એક ૫૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણમાંથી ૨૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉવારસદમાંથી ૭૮ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

વલાદ ગામેથી પણ આજે બે કેસ મળ્યા છે. જેમાં એક ૩૪ વર્ષીય યુવક અને ૨૪ વર્ષીય યુવકનો સમાવેશ થાય છે.

દહેગામ તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. જેમાં અર્બન વિસ્તારમાંથી ૩ અને ગ્રામ્ય વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે.

દહેગામ અર્બનમાંથી ૭૫ વર્ષીય વૃદ્ધ, ૪૩ વર્ષીય મહિલા તેમજ ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત સાંપા ગામેથી આજે ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્ર દ્વારા સઘન સર્વેલન્સની સૂચનાઓ આપવામાં આવી છે. દહેગામમાં પણ કોરોનાના કેસોની સંખ્યા ૧૨૫ ને પાર થઈ છે.

કલોલ તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં એક ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે અર્બન વિસ્તારમાંથી નોંધાયા છે.

● અનુસંધાન પાના - ૭ પર

શહેરમાં કોરોનાના વધુ ૧૨ કેસ નોંધાયા

આજે નોંધાયેલા કેસોમાં સે. ૨૯ માં ૨ કેસ, સે. ૧૪ માં બે કેસ, ઉપરાંત સે. ૧, સે. ૩-ન્યુ, ૪-બી, સે. ૫, સે. ૭-એ, સે. ૨૨, સે. ૨૩ અને બાસણનો સમાવેશ થાય છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૨ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૮૬૫ થઈ છે.

શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે. શહેરમાં કોરોના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યો હોવાની શંકા હવે દૃઢ બની રહી છે.

આજે નોંધાયેલા કેસોમાં સે. ૨૯ માં ૨ કેસ અને સે. ૧૪ માં બે કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૧, સે. ૩-ન્યુ, ૪-બી, સે. ૫, સે. ૭-એ, સે. ૨૨, સે. ૨૩ અને બાસણનો સમાવેશ થાય છે.

આજે સે. ૧ માંથી ૬૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

બાસણ ગામેથી આજે વધુ એક ડ્રાયવર તરીકે નોકરી કરતા ૨૨ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

નાગરિક પુરવઠા નિગમમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા એક ૫૩ વર્ષીય પુરૂષ જે સે. ૨૩ માં રહે છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાના - ૭ પર

શહેરની સરકારી કચેરીઓમાં કોરોનાનો આતંક

નવા સચિવાલયમાં કરવામાં આવી રહેલા એન્ટીજન ટેસ્ટ દરમ્યાન સંખ્યાબંધ કર્મચારીઓ પોઝીટીવ આવી રહ્યા છે : સામાન્ય વહીવટ વિભાગમાં એક જ દિવસમાં સાત કર્મચારીઓને કોરોના પોઝીટીવ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની સરકારી કચેરીઓમાં કોરોનાનો આતંક

ફેલાયો છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસ બાદ હવે સચિવાલયની કચેરીઓમાં એક પછી એક કર્મચારીઓ કોરોના પોઝીટીવ આવતા ફફડાટ વ્યાપી ગયો છે. સામાન્ય વહીવટ વિભાગમાં એક જ દિવસમાં સાત કર્મચારીઓનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં દરરોજ ૨૫ થી ૩૦ કોરોના પોઝીટીવ આવી રહ્યા છે. તેમાં સૌથી વધુ સરકારી કર્મચારીઓ છે. સરકારી કર્મચારીઓમાં કોરોનાના કેસો વધતા નવા સચિવાલયની તમામ કચેરીઓમાં એન્ટીજન ટેસ્ટ કરવાનો નિર્ણય લેવાયો છે. ગત તા. ૩૧ મીથી નવા સચિવાલયની કચેરીઓમાં તબક્કાવાર દરેક કર્મચારીના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. ગાંધીનગર, દહેગામ, માણસા અને કલોલની એક-એક મેડીકલ ટીમ કર્મચારીઓના ટેસ્ટ કરી રહી છે. દરરોજ સરેરાશ ૨૦૦ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. સામાન્ય વહીવટ વિભાગ હેઠળની કચેરીઓ અને તેના જુદા જુદા વિભાગોમાં છેલ્લા બે દિવસથી એન્ટીજન ટેસ્ટ થઈ રહ્યા છે.

સામાન્ય વહીવટ વિભાગની કચેરીમાં એક જ દિવસમાં સાત કર્મચારીઓ-અધિકારીઓને કોરોના પોઝીટીવ આવતા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. આ કર્મચારીઓને સારવાર માટે સલાહ આપી સાથી કર્મચારીઓને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આગામી ૧૯મી તારીખ સુધી એન્ટીજન ટેસ્ટની કવાયત ચાલશે. આ કવાયત હેઠળ તમામ કર્મચારીઓ-અધિકારીઓના ટેસ્ટ કરવામાં આવશે. નવા સચિવાલયની સાથોસાથ જુના સચિવાલયમાં પણ એકે એક કર્મચારીઓના એન્ટીજન ટેસ્ટ કરવા માંગ કરવામાં આવી છે.

સચિવાલયમાં આજે ૪૯૨ કર્મયોગીઓના કોરોના રેપીડ એન્ટીજન ટેસ્ટ કરાયા

ગાંધીનગર જિલ્લા અને મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે સચિવાલયના અધિકારીઓ અને કર્મયોગીઓના કોરોના અંતર્ગત સ્ક્રીનીંગ અને કોરોના માટેનો રેપીડ એન્ટીજન ટેસ્ટની કામગીરી કરવામાં આવી રહી છે. આજે સચિવાલય ખાતે ફરજ બજાવતા ૪૯૨ કર્મયોગીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું, આરોગ્ય અધિકારી શ્રી કલ્પેશ ગોસ્વામીએ જણાવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. કલ્પેશ ગોસ્વામીએ વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગરમાં આવેલા સચિવાલય ખાતે હાલની કોરોનાની મહામારીને જોતાં સચિવાલયમાં ફરજ બજાવતા તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓની કોરોના અંતર્ગત સ્ક્રીનીંગની કામગીરી જિલ્લા તથા કોર્પોરેશનની કુલ ૧૨ ટીમો દ્વારા તા.૩૧.૮.૨૦ ના રોજથી હાથ ધરવામાં આવી છે.

આજરોજ સચિવાલયના બ્લોક નંબર – ૭ માં આ સ્ક્રીનીંગ કરવાની કામગીરી કરવામાં આવી હતી. આજે ૪૯૨ કર્મયોગીઓનું સ્કેનીંગ કરવામાં આવ્યું છે. અત્યાર સુધી કુલ- ૧૩૦૪ કમર્યોગીઓનું સ્ક્રીનીંગ અને કોરોના માટેનો રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યો છે.

આજે ભાજપના પ્રદેશ પ્રમુખ ગાંધીનગર આવે છે, આવતીકાલે કાર રેલી યોજાશે

આજે કલોલમાં સાંજે ૫ કલાકે કલોલમાં પ્રદેશના અને મહાનગરના હોદેદારો સહીત કોર્પોરેટરો અને કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાશે : રાત્રિ રોકાણ ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે કરશે : ૫ સપ્ટેમ્બરના રોજ સવારે ૮ કલાકે સરકીટ હાઉસથી ચિલોડા કાર રેલી નિકળશે

ગાંધીનગર તા ૩

ભાજપના નવનિયુકત પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ તા ૪ અને ૫ સપ્ટેમ્બર ગાંધીનગર પ્રવાસે આવશે આ દરમિયાન કલોલમાં તેમની પક્ષના આગેવાનો તેમજ કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાશે જયારે તા ૪ સપ્ટેમ્બરના રોજ સાંજે ૬ કલાકે સહકારી ક્ષેત્રના આગેવાનો, સામાજિક અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ અને ખેડુતો સાથે પણ તેઓ વાર્તાલાપ કરશે. તા ૫ સપ્ટેમ્બરના રોજ પ્રદેશ અધ્યક્ષ સહીત પક્ષના આગેવાનો તેમજ કાર્યકર્તાઓની સરકીટ હાઉસથી ચિલોડા કાર રેલી પણ યોજવામાં આવશે.

ભાજપના નવનિયુકત પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ તા ૪ અને ૫ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર પ્રવાસે આવશે . આ અંગે ભાજપ ગાંધીનગર મહાનગરના પ્રમુખ મહેન્દ્ર દાસે જણાંવ્યુ હતુ કે ગાંધીનગરના કલોલ વિસ્તારમાં તા ૪ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫ કલાકે નગરપાલિકા પાસે સ્થિત ભારત માતા હોલ ખાતે પ્રદેશની અધ્યક્ષતામાં એક બેઠક યોજાશે પ્રદેશ અધ્યક્ષના આ પ્રવાસમાં પ્રદેશ સંગઠનના મહામંત્રી ભીખુભાઇ દલસાણીયા, ઉત્તર ઝોનના પ્રભારી અને પ્રદેશ મહામંત્રી કે સી પટેલ, ઉપાધ્યક્ષ ગોરધનભાઇ ઝડફીયા, પ્રભારી મંત્રી કૌશિકભાઇ પટેલ, પ્રદેશ મંત્રી પ્રદીપસિંહ વાઘેલા, હર્ષદગીરી ગોસ્વામી સહીત જિલ્લાના પ્રભારીઓ પણ જોડાશે. આ તબક્કે ગાંધીનગર મહાનગર તેમજ જિલ્લાના અગોવાનો તેમજ કાર્યકર્તાઓ તેમનુ ભવ્ય સ્વાગત કરશે. આ બેઠકમાં ભાજપ મહાનગરના આગેવાનો, મોરચાના પ્રમુખો, મહામંત્રીઓ, વોર્ડના પ્રમુખ તેમજ કોર્પોરેટરો અન્ય હોદેદારો તેમજ કાર્યકર્તાઓ

● અનુસંધાન પાના - ૭ પર

પ્રભુશરણ

અમારા દાદા પરમ પૂજ્ય ચંદ્રકાન્તબાપુ (ઉ. ૯૦ વર્ષ) તા. ૧-૯-૨૦૨૦ને મંગળવારનાં રોજ પ્રભુશરણ પામેલ છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી બેસણું કે પ્રાર્થનાસભા મોકુફ રાખેલ છે.

શનિ સંકુલ આધસ્થાપક

સ્વ. હર્ષદભાઈ ઉપાધ્યાય (પુત્ર) સુધાબેન ઉપાધ્યાય (પુત્રવધુ)
હિરેન ઉપાધ્યાય (પૌત્ર) દેવેન્દ્ર ઉપાધ્યાય (પૌત્ર)
અડાલજ, શનિમંદિર, તા. જિ. ગાંધીનગર

શું તમને કોરોના થઈ ગયો છે...?
તો તમે કોરોના થયેલા દર્દીને બચાવી છો.
તમારો કોરોના એન્ટીબોડી ટેસ્ટ કરાવો અને કોરોના પ્લાઝમા થેરાપી માટે રક્તનદાન કરો.
સમય : સવારે ૮ થી ૨
શ્રદ્ધાદીપ બ્લડ બેંક
૬૦૧, ૬૦૨, બ્લોક - એ, વૃંદાવન ટ્રેડ સેન્ટર (VTC), રીલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, ગાંધીનગર
રક્તદાન માટે સંપર્ક કરો
9825583898 • 9512828358
9824833440 • 9726978804

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂ. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂ. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com